| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | **૩૧/૦૭/૨૦૨૪** | | |
| રજીસ્ટર તારીખ | **૩૧/૦૭/૨૦૨૪** | | |
| ફેંસલ તારીખ | **૨૩/૦૬/૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૧** | **૧૧** | **૨૩** |

**આંકઃ–**

## FROM–A

| | |
|---|---|
| **રાજકોટ જીલ્લાના ૭ માં એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ જજ અને સ્પેશિયલ જજ(એટ્રો.) સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.** | |
| ચુકાદાની તારીખ | **૨૩/૦૬/૨૦૨૬** |
| સ્પે. એટ્રો કેસ નંબર | **૪/૨૦૨૪** |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| પોલીસ સ્ટેશન | જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન |
| એ.પી.પી.શ્રી | **કે. એ. પંડયા.** |
| મૂળ ફરિયાદી તરફે વિ. વ. શ્રી | -- |
| ગુનાની કલમ | ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૩૦૯૬૨૩૦૧૨૮/૨૦૨૩. |
| આરોપી પક્ષ | **૧. સરફરાઝ સ./ઓ. મુસાભાઈ ખેડારા**<br>ઉ.આ.વ. ૨૮, ધંધોઃ મજૂરી,<br>રહે. ગોંડલ દરવાજા, મદીના મસ્જીદ પાસે,<br>જેતપુર, જી. રાજકોટ.<br><br>**૨. સાહિલ સ./ઓ. જુમાભાઈ ફતેમામદ બ્લોચ**<br>ઉ.આ.વ. ૨૧, ધંધોઃ મજૂરી,<br>રહે. ભાદર સામા કાંઠે, ગાયત્રી ચોક,<br>મેઈન રોડ ઉપર,<br>શિતળા માતાના મંદીર પાસે, જેતપુર.<br><br>**૩. સમીર ઉર્ફે ભડાકો હનીફભાઈ કુરેશી**<br>ઉ.આ.વ. ૨૨, ધંધોઃ રીક્ષા ડ્રાઈવીંગ, |

| | |
|---|---|
| | રહે. નગીના મસ્જીદ પાસે,<br>લાદી રોડ, જેતપુર.<br><br>**૪. અલ્તાફ ઉર્ફે અલ્તો સ./ઓ.<br>ફારૂકભાઈ બુકેરા**<br>ઉ.આ.વ. ૨૦, ધંધોઃ મજૂરી,<br>રહે. નવાગઢ ખાટકી વાસ,<br>ઈલાય ચોક, જેતપુર. |
| બચાવપક્ષે વિ. વ. શ્રી | **વી. બી. ગોસાઇ.** |

## <u>**FROM–B**</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ |
| એફ.આઇ.આર. તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૨૦/૦૪/૨૦૨૬ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | **૨૩/૦૬/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૨૩/૦૬/૨૦૨૬** |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**<u>આરોપીની વિગતઃ</u>–**

| ક્રમ નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર છોડ્યા તારીખ | ગુનો કલમ | તકસીરવાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી. આર. પી. સી. ની કલમ – ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | સરફરાઝ સ./ઓ. મુસાભાઈ ખેડારા | -- | -- | ઈ. પી. કોડની કલમ– ૩૨૩, ૫૦૪, | નિર્દોષ | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૫૦૬ (૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧) (આર) (એસ) તથા ૩(૨) (૫–એ) | | | |
| **૨.** | સાહિલ સ./ઓ. જુમાભાઈ ફતેમામદ બ્લોચ | –– | –– | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |
| **૩.** | સમીર ઉર્ફે ભડાકો હનીફભાઈ કુરેશી | –– | –– | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |
| **૪.** | અલ્તાફ ઉર્ફે અલ્તો સ./ઓ. ફારૂકભાઈ બુકેરા | –– | –– | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |

**<u>ચૂ કા દો</u>**

**(૧)** આ કામે અત્રેની અદાલત દ્વારાં ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. દ્વારાં અત્રેની અદાલતમાં ફરિયાદીની ફરિયાદના આધારે ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબનાં ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૯/૧૨/૨૦૨૩ નાં રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે મોજે નવાગઢ,

જી.આઈ.ડી.સી. પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં આ કામનાં આરોપી સમીર ઉર્ફે ભડાકો વિરૂદ્ધ ફરિયાદીએ મોબાઈલ ફોન બાબતે અરજી કરેલ જેના સમાધાન માટે ફરિયાદી જતાં ત્યાં સરફરાજ, રાજન તથા અલ્તાફનાંઓએ વર્ના કારમાં આવી ફરિયાદી સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ અને થોડીવાર પછી સમીર ઉર્ફે ભડાકો એક્સેસ ટુ વ્હીલર લઈને તથા સાહીલનાઓ મોટર સાયકલ લઈને આવેલ અને સમીરે ફરિયાદીને સમાધાન કરવાની વાત કરી, ફરિયાદીને ગાળો બોલી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનિત થાય તેવા શબ્દો બોલી, ઢીકાપાટુથી માર મારી તેમજ સાહીલે પણ ફરિયાદીને ઢીકાપાટુથી માર મારી તેમજ સરફરાજ, રાજન તથા અલ્તાફે પણ ફરિયાદીને ઢીકા પાટુથી શરીરે મૂઢ માર મારતા હતાં તે વખતે સાહેદો આવી જતાં તમામ આરોપીઓએ ફરિયાદીને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ તે અંગે ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ બનાવ અંગે ધોરણસર થવા માટે ફરિયાદ નોંધાવેલ હતી.

(૩) ઉપરોક્ત બનાવની ફરિયાદ તા. ૨૪/૦૧/૨૦૨૨ નાં રોજ જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૩૦૧૨૮/૨૦૨૩ થી ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબની દાખલ કરવામાં આવેલ. બનાવની ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ દરમિયાન સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ, તપાસ દરમિયાન જરૂરી પંચનામાઓ કરવામાં આવેલ તેમજ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી લઈ સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાઓનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ જે ચાર્જશીટ સ્પેશિયલ એટ્રોસિટી કેસ નં. ૪/૨૦૨૪ થી તા. ૩૧/૦૭/૨૦૨૪ નાં રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે અત્રેની અદાલત દ્વારાં આંક–૩૫ થી આરોપીઓ વિરૂદ્ધ તા. ૧૪/૦૨/૨૦૨૪ નાં રોજ ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪,

૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામું ઘડેલ છે જે પરત્વે આરોપીઓનાં ગુના પરત્વેનાં નિવેદનો નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

**(૫) ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.**

## FROM–C

### અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

| સાહેદ નંબર | સાહેદોના નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | રેખાબહેન લલીતભાઈ વેગડા | ૪૬ | ફરિયાદી. |
| ૨. | શારદાબહેન ઉર્ફે કાળીબહેન હમીરભાઈ વેગડા | ૪૯ | સાહેદ. |
| ૩. | અનિકેત કૈલાશભાઈ બાવીસા | ૫૦ | સાહેદ. |
| ૪. | રોહીતસિંહ અભયસિંહ ડોડીયા | ૫૮ | તપાસ કરનાર અમલદાર. |

### બ. ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| ૧. | ૪૭/સાહેદ નં. ૧ | ફરિયાદ. |
| ૨. | ૪૮/સાહેદ નં. ૧ | ફરિયાદીની જાતિ અંગેનું પ્રમાણપત્ર. |
| ૩. | ૫૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| ૪. | ૫૨ | ફરિયાદીનું મેડીકલ સર્ટિફિકેટ. |
| ૫. | ૫૩ | સારવાર સર્ટિફિકેટ આપવા અંગેની યાદી. |
| ૬. | ૫૪ | કોલ ડીટેઈલ્સ રેકોર્ડ. |
| ૭. | ૫૯/સાહેદ નં. ૪ | તપાસ અંગેનો ડેપ્યુટ હુકમ. |

| | | |
|---|---|---|
| ૮. | ૬૦/સાહેદ નં. ૪ | ગુનો રજીસ્ટર કરવાનો રિપોર્ટ. |

(૬) આ કામે વિ. એડી. પી. પી. શ્રીએ આંક–૬૨ થી કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષનાં પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી છે.

(૭) આ કેસમાં વિ. એડી. પી. પી. શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો પોતાનો કેસ નિઃશંક રીતે પુરવાર કરેલ છે અને રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષ હાલનાં આરોપીઓ વિરૂદ્ધનો પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ આરોપીઓને સખતમાં સખત સજા કરવા રજૂઆત કરેલ છે.

(૮) જયારે આરોપીઓ તરફે વિ. વ. શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, હાલનાં કામે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદાર સિવાયનાં ફરિયાદી સહિતનાં તમામ સાહેદોએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીઓમાં ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ ન હોઈ અને ફરી ગયેલાં જાહેર થયેલ હોઈ તેમની જુબાનીઓથી હાલનાં આરોપીઓએ જ ઈજા પામનારને ઈજા પહોંચાડેલ હોય કે જાહેરમાં ગાળાગાળી કરી અને જાતિ વિષયક અપમાન કરેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોઈ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

**(૯) બંને પક્ષકારોની રજૂઆતો તેમજ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરંહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૯/૧૨/૨૦૨૩ નાં રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે મોજે નવાગઢ,

જી.આઈ.ડી.સી. પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં આ કામનાં આરોપી સમીર ઉર્ફે ભડાકો વિરૂદ્ધ ફરિયાદીએ મોબાઈલ ફોન બાબતે અરજી કરેલ જેના સમાધાન માટે ફરિયાદી જતાં ત્યાં સરફરાજ, રાજન તથા અલ્તાફનાંઓએ વર્ના કારમાં આવી ફરિયાદી સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ અને થોડીવાર પછી સમીર ઉર્ફે ભડાકો એક્સેસ ટુ વ્હીલર લઈને તથા સાહીલનાઓ મોટર સાયકલ લઈને આવેલ અને સમીરે ફરિયાદીને સમાધાન કરવાની વાત કરી, ફરિયાદીને ગાળો બોલી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનિત થાય તેવા શબ્દો બોલી, ઢીકાપાટુથી માર મારી તેમજ સાહીલે પણ ફરિયાદીને ઢીકાપાટુથી માર મારી તેમજ સરફરાજ, રાજન તથા અલ્તાફે પણ ફરિયાદીને ઢીકા પાટુથી શરીરે મૂઢ માર મારતા હતાં તે વખતે સાહેદો આવી જતાં તમામ આરોપીઓએ ફરિયાદીને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૧૦) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.**

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**(૧૧) <u>મુદ્દા નં. ૧, ૨</u>**

આ કામે રેકર્ડ ઉપરના પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં સૌ પ્રથમ એ નોંધવું જરૂરી છે કે, આ કામે આરોપીઓ ગંભીર પ્રકારનાં ગુનાના આક્ષેપોનો સામનો કરી રહેલ છે. આ કામે પ્રથમ ફરિયાદપક્ષ પર પોતાનાં કેસની પ્રાથમિક હકીકત તમામ વ્યાજબી શંકાથી પર પુરાવો રજૂ કરી પુરવાર કરવાનો બોજો રહેલ છે. વળી, કાયદાની જોગવાઈઓ મુજબ ગુનાહિત માનસિકતા અંગે અને ગુના અંગે અનુમાન કરવાની જોગવાઈ કાયદામાં રહેલી છે, પરંતુ તે પ્રિઝમ્પ્શન કેસની પ્રાથમિક હકીકત પુરવાર થયા બાદ અસ્તિત્વમાં આવે છે તેમજ પુરાવામાં શંકા કે ત્રુટી હોય તો આરોપીને

ચોક્કસપણે તેનો લાભ મળી શકે છે તે હકીકત ધ્યાને રાખી ફરિયાદપક્ષનાં પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૨)** ફરિયાદપક્ષે આ કામે આંક–૪૬ થી આ કામનાં મુખ્ય કહી શકાય તેવા સાહેદ એટલે કે ફરિયાદી રેખાબહેન લલીતભાઈ વેગડાને તપાસવામાં આવેલ છે જેઓની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, બનાવના દિવસે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં સરફરાજ ખેડારાએ ફોન કરી સમીર ઉર્ફે ભડકો વિરૂદ્ધ અગાઉ મોબાઈલ ફોન બાબતે અરજી કરેલ તે અંગે સમાધાન કરવા માટે બોલાવેલ જેથી તેણી પોતાનું એક્સેસ મોટર સાયકલ લઈને નવાગઢ જી.આઈ.ડી.સી. ના મેદાનમાં ગયેલ ત્યારે એક ગાડીમાં સરફરાઝ અને તેના મિત્રો રાજન, અલ્તાફ, સમીર સાથે સમાધાન બાબતે વાતચિત કરતા હતાં તે વખતે તેમની સાથે સામાન્ય બોલાચાલી અને ઝઘડો થયેલ અને તે વખતે સાહીલ પણ મોટર સાયકલ લઈને આવી ગયેલ અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ તે વખતે અમારી વચ્ચે ઝપાઝપી થતાં ઝઘડો થયેલ અને થોડીવાર પછી મારા ફઈ કાળીબહેનને ફોન પર વાત કરતાં કાળીબહેન તથા મારા સબંધી અનિકેત આવી જતાં આ લોકો ત્યાંથી જતા રહેલ અને મને સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થયેલ તે સિવાય કાંઈ બનેલ નહીં. આરોપીઓ જાતિ વિષયક અપશબ્દો બોલેલ હોય તેવું બનેલ નથી.

સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો પોતાની સરતપાસમાં જણાવતાં ન હોઈ ફરિયાદપક્ષે સાહેદને ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. પી. પી. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ સાહેદે ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ નથી અને ત્યારબાદ બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે સામાન્ય બોલાચાલી થયેલાનું અને આરોપીઓએ ગાળો આપી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકતો જણાવેલ છે.

આમ, હાલનાં સાહેદ તે હાલનાં કેસનાં ફરિયાદી છે અને ખુદ ભોગ બનનાર પણ છે એટલે કે મુખ્ય સાહેદ છે, પરંતુ તેઓની અદાલત સમક્ષની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલનાં આરોપીઓએ તેમને ગાળો આપી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી, માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી તમામ હકીકતોનો તેણીએ પોતાની બચાવપક્ષની ઊલટ તપાસમાં ઈન્કાર કરેલ હોઈ અને માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકતો જણાવેલ હોઈ હાલનાં સાહેદની ઊપરોક્ત જુબાનીથી હાલનાં આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૩)** ફરિયાદપક્ષે આ કામે આંક–૪૯ થી સાહેદ શારદાબહેન ઉર્ફે કાળીબહેન હમીરભાઈ વેગડાને તપાસવામાં આવેલ છે કે જેઓ ફરિયાદી રેખાબહેનનાં કાકી છે તેઓએ પણ ફરિયાદી રેખાબહેનનાં જણાવ્યા અનુસારની જ હકીકતો જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેણીને ફોન આવતાં તેઓ તુરત બનાવવાળી જગ્યાએ ગયેલ અને અનિકેત રેખાબહેનને દવાખાને લઈ ગયેલ અને તેમની ભત્રીજીને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી ઝપાઝપી થયેલાનું અને તે સિવાય તેમને કાંઈ બનેલ ન હોવાનું જણાવેલ હોઈ હાલનાં સાહેદને પણ ફરિયાદપક્ષે ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. પી. પી. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ સાહેદે ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ નથી અને ત્યારબાદ બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે સામાન્ય બોલાચાલી થયેલાનું અને આરોપીઓએ તેમની ભત્રીજીને ગાળો આપી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકતો જણાવેલ છે.

**(૧૪)** ફરિયાદપક્ષે આ કામે આંક–૫૦ થી સાહેદ અનિકેત કૈલાશભાઈ બાવીસાને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવેલ છે જેઓએ પણ ફરિયાદી રેખાબહેનની જુબાની અનુસારની જ હકીકતો જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ અને શારદાબહેન બજારમાં ગયેલ હતાં ત્યારે શારદાબહેનને ફોન આવતાં તેઓ તુરત ખુલ્લા મેદાનવાળી જગ્યાએ ગયલે

જ્યાં આરોપીઓ રેખાબહેન સાથે બોલાચાલી ઝઘડો કરતાં હતાં અને તેઓ રેખાબહેનને દવાખાને લઈ ગયેલ અને બનાવ અંગે રેખાબહેને ફરિયાદ આપેલી. રેખાબહેનને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી ઝપાઝપી થયેલાનું અને તે સિવાય તેમને કાંઈ બનેલ ન હોવાનું જણાવેલ હોઈ હાલનાં સાહેદને પણ ફરિયાદપક્ષે ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. પી. પી. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ સાહેદે ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ નથી અને ત્યારબાદ બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે સામાન્ય બોલાચાલી થયેલાનું અને આરોપીઓએ રેખાબહેનને ગાળો આપી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકતો જણાવેલ છે.

**(૧૫)** ફરિયાદપક્ષે આ કામે આંક–૫૮ થી ત. ક. અમલદાર રોહીતસિંહ અભયસિંહ ડોડીયાને તપાસેલ છે તેમણે તેમની જુબાનીમાં તેઓએ ગુનાની તપાસ કરેલાનું અને તપાસ દરમિયાન કરેલ કામગીરીનો વિગતવારનો પુરાવો આપેલ છે, પરંતુ જ્યારે ખુદ ફરિયાદી તથા તેમની સાથેનાં સાહેદોએ જ ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને સાહેદો ફરી ગયેલાં જાહેર થયેલ છે ત્યારે આ સાહેદે ગુનાની તપાસ કરેલાનો પુરાવો આપેલ છે તે પુરાવો આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે સ્વતંત્ર રીતે પૂરતો જણાતો નથી. વધુમાં તે નોંધવું જરૂરી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષનાં **મધુબેન ડો./ઓ. પ્રતાપજી વાલાજી ઠાકોર વિ. ઠાકોર પ્રકાશજી કપૂરજી અને બીજા, ક્રિમી. અપીલ નં. ૧૮૪૦/૨૦૧૯, તા. ૦૭/૦૨/૨૦૨૨** નાં કામે પેરા–૧૦.૭ માં ઠરાવેલ છે કે, કેસમાં મેડીકલ ઓફીસર તથા પોલીસ અધિકારીનો પુરાવો માત્ર સમર્થનકર્તા ગણાય અને તેના આધારે કેસના પરિણામમાં ફરક પડે નહીં. આ હકીકત ધ્યાને રાખતાં આ કેસમાં પણ પોલીસ ઓફીસરનાં પુરાવાનું કોઈ ખાસ મહત્વ રહેતું નથી તેમ માનવામાં આવે છે. વધુમાં આ કામે ફરિયાદીએ કોર્ટ બહાર આરોપીઓ સાથે સમાધાન કરેલ હોઈ, તેઓએ કોઈ પુરાવો આપેલ ન હોય તેવું સ્પષ્ટ થાય છે તે સંજોગોમાં આરોપીઓને ગુના સાથે જોડી શકાય તેવો કોઈ સીધો પુરાવો રજૂ થતો નથી.

(૧૬) આમ, ઉપરોક્ત તમામ હકીકતો જોતાં આ કામનાં આરોપીઓએ તા. ૧૯/૧૨/૨૦૨૩ નાં રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે મોજે નવાગઢ, જી.આઈ.ડી.સી. પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં આ કામનાં આરોપી સમીર ઉર્ફે ભડાકો વિરૂદ્ધ ફરિયાદીએ મોબાઈલ ફોન બાબતે અરજી કરેલ જેના સમાધાન માટે ફરિયાદી જતાં ત્યાં સરફરાજ, રાજન તથા અલ્તાફનાંઓએ વર્ના કારમાં આવી ફરિયાદી સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ અને થોડીવાર પછી સમીર ઉર્ફે ભડાકો એક્સેસ ટુ વ્હીલર લઈને તથા સાહીલનાઓ મોટર સાયકલ લઈને આવેલ અને સમીરે ફરિયાદીને સમાધાન કરવાની વાત કરી, ફરિયાદીને ગાળો બોલી, જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપમાનિત થાય તેવા શબ્દો બોલી, ઢીકાપાટુથી માર મારી તેમજ સાહીલે પણ ફરિયાદીને ઢીકાપાટુથી માર મારી તેમજ સરફરાજ, રાજન તથા અલ્તાફે પણ ફરિયાદીને ઢીકા પાટુથી શરીરે મૂઢ માર મારતા હતાં તે વખતે સાહેદો આવી જતાં તમામ આરોપીઓએ ફરિયાદીને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શક્તાં ન હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) આ કામનાં આરોપી **નં. ૧ સરફરાજ સ./ઓ. મુસાભાઈ ખેડારા, નં. ૨ સાહિલ સ./ઓ. જુમાભાઈ ફતેમામદભાઈ બ્લોચ, નં. ૩ સમીર ઉર્ફે ભડાકો હનીફભાઈ કુરેશી તથા નં. ૪ અલ્તાફ ઉર્ફે અલ્તો સ./ઓ. ફારૂકભાઈ બુકેરાનાઓને** જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૩૦૧૨૮/૨૦૨૩ થી ઈ. પી. કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫-એ) મુજબનાં ગુનાના કામે ક્રિમી. પ્રોસી કોડની કલમ-૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ **પ્રત્યેકે રૂા. ૨૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ હજાર પુરા)** નાં જાતમુચરકા તથા તેટલી જ રકમનાં

જામીન આજરોજ હુકમ તારીખથી ૬(છ) માસના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૨૩, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૨૩/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ અને**
**સ્પેશિયલ જજ (એટ્રો.)**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)